DATE:- 20-08-2025

DIVYA BHASKAR, PAGE-IV, SURAT

**સિટી એન્કર** | **બંને ભૂગર્ભ ટનલ સરથાણા, ડ્રીમ સિટી, ડાયમંડ બુર્સને કાપોદ્રા વિસ્તાર સાથે જોડશે**

# મેટ્રો પ્રોજેક્ટ: સુરત સ્ટેશનથી ચોકબજાર સુધીની ડાઉન લાઇન ટનલ તૈયાર, અપલાઇન ટનલનું કામ ટૂંક સમયમાં પૂર્ણ કરાશે

ટ્રાન્સપોર્ટ રિપોર્ટર | સુરત

GMRCએ સુરત મેટ્રો પ્રોજેક્ટ હેઠળ ચોક બજાર સ્ટેશન પર ડાઉનલાઈન ટનલ બ્રેકથ્રુની સફળ પૂર્ણતાની જાહેરાત કરી છે. આ સિદ્ધિ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે. કુલ 40.35 કિમી લાંબા પ્રોજેક્ટમાં 2 કોરિડોર અને 38 સ્ટેશનનો સમાવેશ થાય છે. ચોક બજાર અને કાપોદ્રા વચ્ચે અપ-ડાઉન બંને લાઇન માટે ટનલનું કામ ચાલી રહ્યું છે, જેમાંથી ડાઉનલાઈન ટનલનું કામ મંગળવારે પૂર્ણ થયું હતું, જ્યારે અપલાઈન ટનલનું કામ ટૂંક સમયમાં પૂર્ણ થવાની ધારણા છે.



આ ટનલ ડ્રીમ સિટી અને ડાયમંડ બુર્સને કાપોદ્રા સાથે જોડશે. ચોક બજારથી સુરત સ્ટેશન સુધીની ટનલ અને ભૂગર્ભ સ્ટેશનનું બાંધકામ ચાલી રહ્યું છે. બ્રેકથ્રુ કાર્યક્રમમાં પાલિકા કમિશનર શાલિની અગ્રવાલ, GMRCના જોઈન્ટ MD સંજય ગુપ્તા વગેરે હાજર રહ્યા હતા.

